આજે 18 જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ

અમરેલીમાં સવા ઈંચ વરસાદ, અમદાવાદ સહિત અનેક શહેરોમાં તાપમાન 40 ડિગ્રીની આસપાસ

- છેલ્લા 24 કલાકમાં રાજ્યના 52 તાલુકાઓમાં વરસાદ
- ગલતેશ્વરમાં 3 ઈંચ અને કાલોલમાં અઢી ઈંચ વરસાદ
- અમરેલીમાં સવા ઈંચ અને બાબરામાં 1 ઈંચ વરસાદ
- અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં 40 ડિગ્રી સાથે સૌથી વધુ ગરમી
- 20 જૂને અનેક જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર
- 40થી 50 કિમીની ઝડપે પવન અને ગાજવીજની આગાહી
- 25થી 27 જૂન દરમિયાન દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ વધુ સક્રિય રહેવાની શક્યતા
- અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ અને વરસાદી ઝાપટાંની આગાહી

ગાંધીનગર : ગુજરાતમાં એક તરફ ચોમાસાની આગેકૂચ ધીમી ગતિએ આગળ વધી રહી છે ત્યારે બીજી તરફ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 52 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જ્યારે શનિવારે સાંજે 6 વાગ્યા સુધી અમરેલી જિલ્લામાં સવા ઈંચ અને બાબરા તાલુકામાં 1 ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે 21 જૂન દરમિયાન ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક જિલ્લાઓમાં વરસાદ સાથે ગાજવીજ અને તેજ પવનની આગાહી કરતાં યલો એલર્ટ જાહેર કર્યું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન ખેડાના ગલતેશ્વરમાં 3 ઈંચ, પંચમહાલના કાલોલમાં અઢી ઈંચ, ગોધરામાં 2.48 ઈંચ, બોડેલીમાં 2.20 ઈંચ, મોરવા હડફમાં 1.89 ઈંચ અને ઘોઘંબામાં 1.69 ઈંચ વરસાદ નોંધાયો હતો. દાહોદ, લીમખેડા અને ફતેહપુરા સહિતના વિસ્તારોમાં પણ એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં 40 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. જ્યારે રાજકોટ, કંડલા પોર્ટ, કંડલા એરપોર્ટ, ગાંધીનગર અને ડીસામાં 39 ડિગ્રી, અમરેલી અને ભાવનગરમાં 38 ડિગ્રી, ભૂજમાં 37 ડિગ્રી તથા સુરત, પોરબંદર, મહુવા અને નલિયામાં 35 ડિગ્રી આસપાસ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે અમદાવાદ માટે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની અને એકથી બે ઝાપટાં અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. શહેરનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી આસપાસ રહેવાની આગાહી કરવામાં આવી છે.

હાલ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા હરનાઈ, સોલાપુર, હૈદરાબાદ, ભદ્રાચલમ, કોરાપુટ, ફુલબાની, રાંચી, જામુઈ અને મુઝફ્ફરપુરમાંથી પસાર થઈ રહી છે. ગુજરાત અને આસપાસના વિસ્તારો પર 5.8 કિમી ઊંચાઈએ સર્જાયેલી અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની સ્થિતિ યથાવત રહેતા આગામી દિવસોમાં વરસાદી પ્રવૃત્તિઓમાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

21 જૂને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, આણંદ અને પંચમહાલ ઉપરાંત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ તેમજ રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં ગાજવીજ, વીજળી અને 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરાયું છે.

બિહારની કાયર પોલીસે શરણે આવેલા દેશપ્રેમી યુવાનનું એન્કાઉન્ટર કરી નાખ્યું

ભારતમાં કોઈ ગુનાહિત તત્ત્વો દારૂના કે જુગારના અડ્ડા ચલાવે તેનું પોલીસ ક્યારેય એન્કાઉન્ટર નથી કરતી પણ લાંચ લઈને તેને ધંધો કરવા દે છે, પણ જો કોઈ દેશપ્રેમી યુવક સરકારના ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવે તો તેનું એન્કાઉન્ટર કરી નાખવામાં આવે છે. બિહારની પોલીસે તાજેતરમાં સરકારી સિસ્ટમની ક્ષતિઓ સામે અવાજ ઉઠાવી રહેલા ભારત ભૂષણ તિવારી નામના આશાસ્પદ યુવાનનું એન્કાઉન્ટર કરી નાખ્યું તેની દેશભરમાં નિંદા થઈ રહી છે. બિહારના ભોજપુરમાં થયેલા ફેક એન્કાઉન્ટર બાદ રાજ્યની પોલીસ પર ભારે રોષ વ્યાપી ગયો છે.

ભારત ભૂષણ તિવારી ભોજપુરના બિલૌટી ગામનો એક યુવાન હતો. તેની પાસે બીએસસીની ડિગ્રી હતી અને તેના પિતા બિહાર પોલીસમાં ડ્રાઇવર હતા. છેલ્લાં એકથી બે વર્ષથી ભારત ભૂષણ ગામમાં પૂર, ધોવાણ અને અધૂરા સરકારી વચનો જેવા મુદ્દાઓ પર સોશિયલ મીડિયા પર વીડિયો દ્વારા પોતાનો અવાજ ઉઠાવી રહ્યો હતો. થોડા દિવસો પહેલા ભારત ભૂષણે ફેસબુક પોસ્ટમાં સરકારની કામગીરી પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી અને એક અધિકારીનું એન્કાઉન્ટર કરવાની હાકલ કરી હતી. ભારત ભૂષણની પોસ્ટ વાયરલ થયા પછી, સ્થાનિક પોલીસ તેના ઘરે ગઈ હતી. પોલીસનું કહેવું છે કે તેઓએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેણે પિસ્તોલ કાઢી હતી. એક વીડિયોમાં ભારત ભૂષણની માતા પણ તેના દીકરાને સમજાવતી જોવા મળે છે. ભારત ભૂષણે આ બધા વીડિયો તેના ફેસબુક પેજ પર પોસ્ટ કર્યા હતા.

મંગળવારે પોલીસે ભારત ભૂષણને માનસિક રીતે અસ્થિર જાહેર કર્યો હતો, પરંતુ એક દિવસ પછી એન્કાઉન્ટરમાં તેનું મોત થયું હતું. એન્કાઉન્ટર પહેલાં પણ તેણે લાઈવસ્ટ્રીમ કર્યું હતું. વીડિયોમાં પોલીસ ખેતરની એક બાજુ ઉભેલી જોવા મળે છે, જ્યારે ભારત ભૂષણ બીજી બાજુ લાઈવ બોલી રહ્યો હતો. લાઈવસ્ટ્રીમ દરમિયાન તે આત્મસમર્પણ કરતો અને પોલીસ તરફ પોતાની પિસ્તોલ ફેંકતો જોવા મળે છે.

પોલીસ તેને સ્વબચાવનું કૃત્ય કહી રહી છે, જ્યારે પરિવારનો આરોપ છે કે આત્મસમર્પણ કર્યા પછી પણ ભારત ભૂષણને ગોળી મારી દેવામાં આવી હતી. પરિવારનો આરોપ છે કે તે નકલી એન્કાઉન્ટર હતું. માતાએ ઝેર આપવાનો પણ દાવો કર્યો છે.

ભોજપુર એન્કાઉન્ટરે બિહાર સરકાર પર પ્રશ્નો ઊભા કર્યા છે. ભાજપ પણ આ મુદ્દા પર વિભાજિત થયેલો દેખાય છે. શિક્ષણ મંત્રી મિથિલેશ તિવારીએ કહ્યું કે તે દુર્ભાગ્યપૂર્ણ છે. જ્યારે ભરત તિવારીની ભાષા પણ અયોગ્ય હતી, ત્યારે તેણે શરણાગતિ સ્વીકારીને પોતાનું હથિયાર ફેંકી દીધું ત્યારે પોલીસે એન્કાઉન્ટરનો આશરો લેવો જોઈતો ન હતો. કૃષિ મંત્રી વિજય કુમાર સિંહાએ ભોજપુર એન્કાઉન્ટર વિશે કહ્યું કે તે દુઃખદ અને દુર્ભાગ્યપૂર્ણ હતું. પોલીસની બેદરકારી સ્પષ્ટપણે સ્પષ્ટ છે, અને જે બાબત સરળતાથી ઉકેલી શકાય તેમાં આવો ઉકેલ યોગ્ય નહોતો. પોલીસ વહીવટીતંત્રે પરિસ્થિતિને સંભાળવામાં સમજદારીનો અભાવ દર્શાવ્યો હતો. સરકાર આ સમગ્ર મામલાને ખૂબ ગંભીરતાથી લઈ રહી છે. સભ્ય સમાજમાં કદી રક્ષક શિકારી બની શકતો નથી.

ભાજપના નેતા ઋતુરાજ સિંહાએ કહ્યું કે ભારત ભૂષણ તિવારીનું મૃત્યુ દુઃખદ અને ચિંતાજનક હતું. કાયદો અને વ્યવસ્થા જાળવવી મહત્ત્વપૂર્ણ છે, પરંતુ રક્ષકો શિકારી ન બને તે પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે. બક્સરના ભાજપના ધારાસભ્ય આનંદ મિશ્રાએ પણ સૂચન કર્યું હતું કે પરિસ્થિતિને અલગ રીતે નિયંત્રિત કરી શકાઈ હોત. જો સ્થાનિક પોલીસ વહીવટીતંત્રે સમયસર, યોગ્ય અને વ્યવહારુ પગલાં લીધાં હોત, તો પરિસ્થિતિને વધુ સંવેદનશીલતાથી નિયંત્રિત કરી શકાઈ હોત. તેમણે સંડોવાયેલા અધિકારીઓના સસ્પેન્શનને સમર્થન આપ્યું હતું.

વરિષ્ઠ પત્રકાર પ્રવીણ બાગીએ પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. પાછા ફર્યા બાદ તેમણે NBTને જણાવ્યું હતું કે ભોજપુરના બિલૌટી ગામમાં પોલીસ એન્કાઉન્ટરમાં ભરત તિવારીનું મોત સંપૂર્ણપણે નકલી એન્કાઉન્ટર છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે જ્યાં સુધી ભરતે હાથમાં પિસ્તોલ પકડી રાખી હતી, ત્યાં સુધી પોલીસ તેને શરણાગતિ સ્વીકારવા માટે સમજાવતી રહી. જ્યારે તેણે પિસ્તોલ સોંપી ત્યારે તેને ગોળી મારી દેવામાં આવી. એન્કાઉન્ટરમાં પણ પોલીસ કટ્ટર ગુનેગારોને પગમાં એક વાર ગોળી મારે છે, પરંતુ ભરતને ચાર વાર ગોળી મારી હતી. તેના પેટમાં પણ ગોળી મારી હતી. આ દર્શાવે છે કે પોલીસ ટીમ તેને મારવાના ઇરાદાથી ઘટનાસ્થળે ગઈ હતી. તે ગુનેગાર નહોતો. તેણે વિસ્થાપિત લોકો અને સ્થાનિક લોકોની સમસ્યાઓ સામે અવાજ ઉઠાવ્યો હતો. ગ્રામજનો કહે છે કે તેની પાસે કેટલાક રાજકારણીઓ અને અધિકારીઓના ભ્રષ્ટાચાર સામે પુરાવા હતા, તેથી ઉચ્ચ સ્તરીય ષડયંત્રના ભાગ રૂપે તેની હત્યા કરવામાં આવી હતી.

રાજકીય વિશ્લેષક રામબંધુ વત્સ કહે છે કે ભોજપુરના ભારત ભૂષણ તિવારીના એન્કાઉન્ટર પર દરેક વ્યક્તિ પોતાની રાજકીય રમત રમી રહ્યા છે. યોગી આદિત્યનાથના ઉદાહરણને અનુસરીને બિહારના મુખ્ય મંત્રી સમ્રાટ ચૌધરી પણ બિહારમાં એન્કાઉન્ટર અને બુલડોઝરમાં તેમની ભૂમિકા માટે ધ્યાન ખેંચી રહ્યા છે, પરંતુ તેમના એન્કાઉન્ટર મોડેલમાં તફાવત છે. કોઈપણ ઉતાવળ ન્યાય વ્યવસ્થા અને કાયદાના શાસન પર પ્રશ્નો ઊભા કરી શકે છે.

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

હવે યોગી વિરુદ્ધ સમ્રાટ ચૌધરીના મોડેલની સરખામણી કરવામાં આવે છે. એવું નથી કે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના બુલડોઝર અને એન્કાઉન્ટર વિશે પ્રશ્નો ઊભા થયા નથી.

તેમના નેતૃત્વ હેઠળ પોલીસ એન્કાઉન્ટર પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે, અને માનવ અધિકાર પંચ અને સુપ્રીમ કોર્ટે પણ આ બાબતો પર રાજ્ય સરકાર પાસેથી જવાબો માંગ્યા છે. જોકે, યોગી આદિત્યનાથને વ્યાપક જાહેર સમર્થન મળ્યું છે. આનાથી ભોજપુરમાં નકલી એન્કાઉન્ટર પછી યુપી પોલીસ સામે જાહેર ગુસ્સો ફાટી નીકળતો અટક્યો છે. યુપીમાં ગોળી ગુનેગારોને લાગતી હતી, પરંતુ બિહારમાં ભારત ભૂષણ તિવારીનો કેસ સંપૂર્ણપણે અલગ છે. તે ગુનેગાર નહોતો. ઉત્તર પ્રદેશમાં એન્કાઉન્ટરના ડરથી ગુનેગારોમાં ડર પેદા થયો છે. ઉત્તર પ્રદેશમાં સંગઠિત ગુના, માફિયા શાસન અને ગુંડાગીરીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, પરંતુ ભોજપુર એન્કાઉન્ટર સામે ભાજપ અને આરજેડી બંનેના નેતાઓ તરફથી વિરોધ થયો છે. ભોજપુરમાં જનતા પોલીસના વહીવટથી નારાજ દેખાઈ રહી હતી અને રસ્તા પર ઊતરી આવી હતી.

મુખ્યમંત્રી પદ સંભાળ્યા પછી સમ્રાટ ચૌધરીનું એન્કાઉન્ટર અંગેનું નિવેદન ચર્ચામાં આવ્યું હતું. પોલીસ વિભાગની અનેક બેઠકો તેમજ જાહેર સભાઓમાં સમ્રાટ ચૌધરી કહેતા રહ્યા છે કે બિહારમાં કોઈ પણ કાયદા સાથે રમી શકે નહીં. જે કોઈ પોલીસને પડકારશે તેને ૪૮ કલાકની અંદર જવાબ મળશે. વિપક્ષના નેતા તેજસ્વી યાદવે જણાવ્યું હતું કે રાજ્યમાં જાતિના આધારે એન્કાઉન્ટર થઈ રહ્યા છે. સરકાર મહિલાઓની સુરક્ષાના મોરચે સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા પિસ્તોલધારી યુવક ભારત ભૂષણ તિવારીનો મૃતદેહ ગુરુવારે સવારે પટનાના પીએમસીએચ ખાતે પોસ્ટમોર્ટમ બાદ કડક સુરક્ષા વચ્ચે ગામમાં લાવવામાં આવ્યો હતો. મૃતદેહ પહોંચતાની સાથે જ ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો અને તેમણે આરા-બક્સર રસ્તો બિલૌટી ગામ પાસે પથ્થરો મૂકીને અવરોધિત કર્યો હતો. ગુસ્સે ભરાયેલા ગ્રામજનોનો આરોપ છે કે ભરતે આત્મસમર્પણ કર્યું હતું, છતાં પોલીસે તેને ગોળી મારી દીધી હતી. ઘટનાનો વિરોધ કરવા માટે મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. ઘટનાસ્થળે હાજર વહીવટી અને પોલીસ અધિકારીઓ ભીડને શાંત કરવામાં રોકાયેલા છે. આ દરમિયાન, રસ્તો નાકાબંધી હટાવવા પહોંચેલી પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઝઘડો થયો.

ગુસ્સે ભરાયેલા ટોળાંએ પોલીસ QRT ટીમ પર ઈંટો અને પથ્થરમારો કર્યો હતો. પોલીસે લાઠીચાર્જનો આશરો લીધો હતો. છેલ્લાં બે વર્ષમાં ભોજપુર જિલ્લામાં પોલીસ અને ગુનેગારો વચ્ચે થયેલા પાંચ એન્કાઉન્ટરમાં આઠ ગુનેગારો પોલીસની ગોળીનો ભોગ બન્યા છે. તેમાંથી બેના મોત થયાં છે, જ્યારે છ ઘાયલ થયા છે. બિહાર પોલીસ દ્વારા ફેક એન્કાઉન્ટરના માધ્યમથી ગુનેગારોને મૃત્યુદંડ આપવામાં આવતો હોવાથી તેમનો ન્યાય મેળવવાનો અધિકાર ઝૂંટવાઈ જાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

પોલીસ તેને સ્વબચાવનું કૃત્ય કહી રહી છે, જ્યારે પરિવારનો આરોપ છે કે આત્મસમર્પણ કર્યા પછી પણ ભારત ભૂષણને ગોળી મારી દેવામાં આવી હતી

4 વંદે ભારત ટ્રેનોમાં યોગ સત્રો યોજાશે

ચાર વંદે ભારતમાં થશે યોગ

ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ
સાબરમતી-જોધપુર
અસારવા-ઉદયપુર
અમદાવાદ-ઓખા

અમદાવાદ : આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2026ની ઉજવણીને અનોખી અને જનસહભાગી બનાવવા માટે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે દ્વારા 21 જૂનના રોજ મંડળના વિવિધ રેલવે પરિસરો ઉપરાંત ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં પણ યોગ સત્રો યોજવામાં આવશે.

મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમનો હેતુ મુસાફરો અને રેલવે કર્મચારીઓમાં સ્વસ્થ જીવનશૈલી, માનસિક સંતુલન અને સમગ્ર આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. ખાસ કરીને ચાલતી ટ્રેનોમાં યોગ સત્રો યોજવાની પહેલ અમદાવાદ મંડળ માટે વિશેષ આકર્ષણ બની રહેશે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે મુખ્ય યોગ કાર્યક્રમો સાબરમતીના સામુદાયિક ભવન, ઓલ્ડ રેલવે ઈન્સ્ટિટ્યૂટ, કાંકરિયાના રેલવે ઈન્સ્ટિટ્યૂટ તેમજ ગાંધીધામ અને વિરમગામના સામુદાયિક ભવનોમાં યોજાશે.

આ ઉપરાંત ચાર પ્રતિષ્ઠિત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં મુસાફરો માટે વિશેષ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રેનોમાં મુસાફરી કરતા મુસાફરો યોગ પ્રશિક્ષકોના માર્ગદર્શન હેઠળ પોતાની બેઠક પર બેસીને સરળ યોગાસનો અને પ્રાણાયામનો અભ્યાસ કરી શકશે.

LRD ભરતી પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાઈ

24 જૂન સુધી વાંધા-સૂચનો કરી શકાશે

અમદાવાદ : ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક (LRD) કેડરની 12,733 જગ્યાઓ માટે યોજાયેલી ભરતી પ્રક્રિયાના બીજા તબક્કાની લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે.

ભરતી બોર્ડની લોકરક્ષકની 14 જૂન, 2026ના રોજ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, ભાવનગર અને ગાંધીનગર ખાતે આવેલી કુલ 879 શાળા અને કોલેજોમાં લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોની OMR શીટ સ્કેન કરીને 15 જૂનના રોજ ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી છે. ઉમેદવારો 29 જૂન, 2026 સુધી પોતાની OMR શીટ ડાઉનલોડ કરી શકશે.

ભરતી બોર્ડ દ્વારા લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી પણ વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. ઉમેદવારોએ વેબસાઈટ પર ઉપલબ્ધ માસ્ટર સેટ પ્રશ્નપત્ર મુજબ પોતાના જવાબોની ચકાસણી કરવાની રહેશે. આન્સર કીના આધારે ઉમેદવારો પોતાના સંભવિત ગુણનો અંદાજ મેળવી શકશે.

જો કોઈ ઉમેદવારને પ્રોવિઝનલ આન્સર કીમાં દર્શાવવામાં આવેલા જવાબો સામે વાંધો કે રજૂઆત હોય તો તે યોગ્ય આધાર અને પુરાવા સાથે 24 જૂન, 2026ના રોજ સાંજે 5 વાગ્યા સુધી ઓનલાઈન રજૂઆત કરી શકશે. વાંધા-સૂચનો માત્ર વેબસાઈટ પર આપેલી સૂચનાઓ અનુસાર ઓનલાઈન જ સ્વીકારવામાં આવશે. ઈ-મેઈલ, પોસ્ટ, કુરિયર અથવા અન્ય કોઈ પણ માધ્યમથી મોકલવામાં આવેલી અરજીઓ તેમજ નિયત તારીખ અને સમયમર્યાદા બાદ પ્રાપ્ત થતી રજૂઆતોને ધ્યાને લેવામાં આવશે નહીં.

ભાવનગર રેગિંગમાં વધુ એક વિદ્યાર્થી સસ્પેન્ડ

અત્યાર સુધી 7 વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી, રેગિંગ અને માનસિક ત્રાસ સામે સરકારનો કડક સંદેશ

ગાંધીનગર : ભાવનગર મેડિકલ કોલેજમાં સામે આવેલા રેગિંગ પ્રકરણમાં રાજ્ય સરકારે વધુ એક વિદ્યાર્થીને 6 મહિના માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેતા કુલ સસ્પેન્ડ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા હવે 7 થઈ ગઈ છે. અગાઉ રેગિંગના આરોપસર 6 વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી, ત્યારે વધુ એક વિદ્યાર્થી સામે લેવાયેલા પગલાંથી રાજ્ય સરકારે રેગિંગ અને વિદ્યાર્થીઓના માનસિક શોષણ મુદ્દે ઝીરો ટોલરન્સની નીતિ સ્પષ્ટ કરી છે.

રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની સુરક્ષા, સન્માન અને સ્વસ્થ શૈક્ષણિક વાતાવરણ સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. રેગિંગ, માનસિક ત્રાસ અથવા અમાનવીય વર્તન જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા વિદ્યાર્થીઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

સરકારના જણાવ્યા અનુસાર સમગ્ર ઘટનાની ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે અને જવાબદારો સામે નિયમો મુજબ કાર્યવાહી ચાલુ રહેશે. મેડિકલ કોલેજો સહિત તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને ભયમુક્ત અને સુરક્ષિત વાતાવરણ મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ હોવાનું પણ જણાવાયું છે. આ ઘટનાને પગલે શૈક્ષણિક સંસ્થાઓમાં એન્ટી-રેગિંગ વ્યવસ્થાની અસરકારકતા અને વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે. સરકારના તાજેતરના નિર્ણયને રેગિંગ જેવી પ્રવૃત્તિઓ સામે કડક સંદેશ તરીકે જોવામાં આવી રહ્યો છે.

BUSINESS મિત્ર

શેરબજારમાં સતત બીજા સપ્તાહે શાનદાર ઉછાળો

આઇટી શેરોની આગેવાની હેઠળના વેચવાલી વચ્ચે ઓઇલના ભાવોમાં ઘટાડો અને એફઆઇઆઇનો પ્રવાહ વધતા બજારમાં જોશ વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 20: ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો, મીડલ ઇસ્ટમાં સકારાત્મક વિકાસને પગલે વિદેશી ભંડોળના પ્રવાહમાં સુધારો અને રૂપિયામાં વધારો થવાને કારણે ભારતીય શેરબજાર સતત બીજા સપ્તાહે વધ્યો હતો. ડીઆઇઆઇના સતત સમર્થનથી પણ સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. જોકે, એક્સેન્ચરના નબળા આવકના માર્ગદર્શન અને વૈશ્વિક તકનીકી ખર્ચ અંગેની ચિંતાઓને કારણે સપ્તાહના અંતિમ દિવસે આઈટી શેરોમાં ભારે વેચવાલી હોવા છતાં બજાર પોઝિટિવ બંધ રહ્યા હતા. જોકે, હજુય અનિશ્ચિતતા વાદળો ઘેરાયેલા છે, જેના પરિણામે આવનારા સમયમાં બજારોમાં વધઘટ ચાલુ રહેવાની સંભાવના છે.

બીએસઈ સેન્સેક્સ 1274.95 પોઇન્ટ એટલે કે 1.68 ટકા વધીને 76803.90 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નિફ્ટી 390.20 પોઇન્ટ એટલે કે 1.65 ટકા વધીને 24013.52 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સમાં ભારત ડાયનેમિક્સ, જીઇ વર્નોવા ટીડી ઇનડિયા, કલ્યાણ જ્વેલર્સ, નાયક, યસ બેન્ક, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની સામેલ છે. જોકે, કોલગેટ પામોલીવ, એક્સાઇડ ઈન્ડ., ફોર્ટીસ હેલ્થકેર, એનએમડીસી, ઈન્ડસ ટાવર, સેઈલને નુકશાન થયું છે.

નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 3.2 ટકાનો વધારો થયો છે. રેડિગ્ટન, ફાઈવસ્ટાર બિઝનેસ ફાઇ., પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ, ફિઝિક્સવાલા, સ્ટાર હેલ્થ, સીડીએસએલ, કેફિન ટેકનોલોજી, નેટવેબ ટેકનો ઈન્ડિયા, આઈડીબીઆઈ બેન્ક 10થી 19 ટકા વધ્યા હતા, જ્યારે ઓલા ઈલે., એથર એનર્જી, કોહાન્સ લાઈફસાયન્સીસ, મેગ્લોર રિફાઈનરી ઘટી હતી.

આ દરમ્યાન અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો સપ્તાહમાં 95.11ની તુલનામાં 78 પૈસા ઘટીને 94.33ના સ્તરે મજબૂત રહ્યો હતો.

આ દરમ્યાન એફઆઈઆઈમાં ખરીદીનો માહોલ શરૂ થયો છે. જે બજારને સમર્થન આપ્યું હતું. લાંબા સમય બાદ એફઆઈઆઈ ખરીદી કરતા જોવા મળ્યા હતા. એફઆઈઆઈએ સપ્તાહ દરમ્યાન રૂ. 3386.33 કરોડના શેરો ખરીદ્યા હતા. જ્યારે ડીઆઈઆઈએ રૂ. 7107.89 કરોડની ઈક્વિટી ખરીદી હતી.

સપ્તાહ દરમ્યાન બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપ રૂ. 15.53 લાખ કરોડનો વધારો થયો છે. માર્કેટ વેલ્યુના હિસાબે ટોપ ગેઈનર્સમાં ભારતી એરટેલ ટોપ પર રહી છે. ત્યારબાદ બજાજ ફાઈનાન્સ, ટ્રેન્ટ, રિલાયન્સનો સમાવેશ થાય છે. બીજી તરફ, આઈટી હેવીવેઈટસ ઈન્ફોસીસ, ટીસીએસ, કોટક મહિન્દ્રા બેન્કના માર્કેટ કેપમાં ધોવાણ જોવા મળ્યું હતું. સેકટર વાઈઝ જોઈએ તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સને બાદ કરતા તમામ સેકટરો વધ્યા હતા. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.3 ટકા ઘટ્યા હતા, જ્યારે નિફ્ટી ડિફેન્સ ઈન્ડેક્સ 6.5 ટકા, નિફ્ટી કન્ઝયુમર ડ્યુરબેલ્સ ઈન્ડેક્સ 6.4 ટકા, નિફ્ટી રિયલ્ટી 5.5 ટકા, નિફ્ટી કેપિટલ માર્કેટ 4.2 ટકા વધ્યો હતો.

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂ.**	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

લેટ ફી એ એક પ્રકારનો દંડ જ છે અને તેથી લેટ ફી ઉપરાંત કલમ 125 હઠળનો સામાન્ય દંડ ન લાગે

નામદાર મદ્રાસ હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...

ઈશ્વર રૂદલાલ

GSTના અમલીકરણની શરૂઆતમાં ઘણા નોંધાયેલ વ્યકિતઓ દ્વારા વાર્ષિક પત્રક સમયસર ભરવામાં આવેલ ન હતા. આથી વાર્ષિક પત્રકો ભરવામાં થયેલ ઢીલ માટે જો મુકરર સમયમર્યાદામાં પત્રકો ભરવામાં આવે તો લેટ ફી માં રાહત આપતા નોટિફીકેશનો બહાર પાડવામાં આવેલ. લેટ ફી એ એક પ્રકારનો દંડ જ છે અને તેથી લેટ ફી ઉપરાંત કલમ 125 હેઠલનો સામાન્ય દંડ ન લાગે તેમજ વાર્ષિક પત્રક નોટિફીકેશનમાં વાર્ષિક પત્રક ભરવા માટેની નિયત સમયમર્યાદા પહેલાં તે પત્રકો ભરેલ હોય તેઓને પણ લેટ ફીમાં રાહતનો લાભ મળે એવો અગત્યનો ચૂકાદો નામદાર મદ્રાસ હાઇકોર્ટે આપેલ છે. ખેર ! ના.મદ્રાસ હાઇકોર્ટના મે. કુંદન હાર્ડવર માર્ટ વિ. આસીસ્ટન્ટ કમિશ્નર, ચેન્નાઇ/ રીટ પીટીશનનાં 27029/2023ના તા. 2-1-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

નોટીફીકેશનો....

નોટીફીકેશન નં.7/2023-સેન્ટ્રલટેક્ષ તા. 31-3-23 તેમજ નોટીફીકેશન નં. 25/2023 સેન્ટ્રલ ટેક્ષ તા. 17-7-23 આ બંને નોટીફીકેશનના આધારે વર્ષ 2017-18, 2018-19, 2019-20, 2020-21 અને 2021-22ના વાર્ષિક પત્રકો તા. 1-4-23થી તા. 31-8-23 સુધીમાં ભરવામાં આવે તો મહત્તમ રૂા. 10,000ની લેટ ફી લાગે તે પ્રકારની રાહત આપવામાં આવેલ.

હકીકત...

ના. હાઇકોર્ટ સમક્ષ અનેક નોંધાયેલ વ્યકિતઓ દ્વારા રિટ-પીટીશનો ફાઇલ કરવામાં આવેલ. અરજીદારો વતી રજૂઆત કરવામાં આવેલ કે એક વખત પત્રક થોડું ભરવા બદલ લેટ ફી લાગ્યા પછી તે જ ભૂલ માટે કલમ 125 હેઠળ સામાન્ય દંડની જોગવાઇ હેઠળ દંડ લાગે નહીં. વળી તેઓએ વાર્ષિક પત્રકો મોડા પણ નોટીફીકેશમાં નિર્દીષ્ટ સમયમર્યાદા પહેલાં ભરેલ હોય તો તેમને પણ નોટીફીકેશનનો લાભ મળવાપાત્ર છે.

ચૂકાદો...

ના.હાઇકોર્ટ વિસ્તૃત ચર્ચા કરીને એવા નિષ્કર્ષ પર આવેલ કે લેટ ફી ડિફોલ્ટ થવા પર લાદવામાં આવેલ દંડ જેવી જ છે અને ના.હાઇકોર્ટે ઠરાવ્યું કે વાર્ષિક પત્રકો મોડા ભરવા બદલ લેટ ફી લાગ્યા બાદ કલમ 125 હેઠળ દંડ લાગી શકાય નહીં. નોટીફીકેશન દ્વારા લેટ ફીમાં રાહત આપવામાં આવેલ હોય તેવા કેસોમાં દંડ લાદી ન શકાય.

કોર્ટના મત મુજબ જે વ્યકિતઓએ પત્રકો મોડા ભર્યા છે પરંતુ નોટીફીકેશનો બહાર પાડયા પહેલાં પત્રકો ભરેલ છે તેઓને નોટીફીકેશનનો લાભ ન આપવામાં આવે તો તેઓ સામે અન્યાય કર્યો ગણાય.

કોર્ટના મતે જો તેમને લાભ ન આપવામાં આવે તો તેમની સાથે ભેદભાવપૂર્ણ-હોસ્ટાઇલ- વ્યવહાર કરેલ ગણાય અને તેથી ટેક્ષ એડમીનીસ્ટ્રેશન પર અવિશ્વાસ ઊભો થશે અને તે બંધારણના આર્ટીકલ 14નો ભંગ 14નો ભંગ કરશે. આમ હાઇકોર્ટે ઠરાવ્યું કે જેઓએ કાયદાની જોગવાઇથી મોડા પણ લેટ ફી આપતું નોટીફીકેશન બહાર પાડયા પહેલાં પત્રકો ભરેલ હોય તેઓને નોટીફીકેશન હેઠળની લેટ ફીની રાહત મળવાપાત્ર છે.

એક અઠવાડિયામાં ક્રૂડ ઓઈલના ભાવમાં 8%નો ઘટાડો

મુંબઈ, તા. 20 : આંતરરાષ્ટ્રીય સ્તરે વીતેલા સપ્તાહમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે ૮%નો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડ ઘટીને પ્રતિ બેરલ ૮૦.૫૭ ડોલર અને યુએસ ક્રૂડ ૭૭.૫૪ ડોલરની સપાટી પર બંધ થયું છે.

આ ઘટાડા પાછળ મુખ્યત્વે ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચેનો યુદ્ધવિરામ તેમજ ઈરાન અને અમેરિકા વચ્ચે થયેલો ડિજિટલ સમજૂતી કરાર જવાબદાર છે. નિષ્ણાતોના મતે, આ કરારથી ઈરાન પરના અમેરિકી પ્રતિબંધો હટશે અને બજારમાં અટવાયેલું ૮૫ મિલિયન બેરલથી વધુ તેલ મુક્ત થતાં વૈશ્વિક પુરવઠો વધશે. આગામી છ થી બાર મહિનામાં તેલના ભાવ વધુ ઘટીને ૬૦ થી ૬૫ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચવાની ધારણા છે. મે મહિનામાં વૈશ્વિક સ્તરે ભાવ વધવાને કારણે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૭ થી ૮ ટકાનો વધારો થયો હતો. હવે પ્રશ્ન એ છે કે શું આ આંતરરાષ્ટ્રીય ઘટાડાથી ભારતમાં ઈંધણ સસ્તું થશે?

સ્ટીલની માંગ વૃદ્ધિના આગામી મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી રહેલું ભારત

મુંબઈ, તા. 20 : બે દાયકા સુધી વૈશ્વિક સ્ટીલ બજાર પર રાજ કર્યા પછી, ચીનમાં બાંધકામ ક્ષેત્રની મિશ્ર અસરોને કારણે સ્ટીલની માંગ હવે ધીમી પડી રહી છે. પરિણામે, વૈશ્વિક ખનન કંપનીઓ (જેમ કે BHP અને રિયો ટિન્ટો) અને રોકાણકારોનું ધ્યાન ભારત અને દક્ષિણપૂર્વ એશિયા તરફ કેન્દ્રિત થયું છે. ચીનના નબળા વપરાશને સરભર કરવા માટે આ દેશો આગામી સમયમાં મુખ્ય વિકાસ એન્જિન બનશે.

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૯૯૪૦
તેજાબી સોનું	૧૪૯૮૫૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૨૪૪૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૬૯૪૦
સોનાનાં બિસ્કીટ	૧૪૯૯૪૦૦
ચાંદી (૯૯૯)	૨૪૦૦૦૦
ચાંદી સિક્કા	૨૪૧૫૦૦

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૫૦૦
એમ-૩૦	૪૪૫૦
એસ-૩૦	૪૪૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦